RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 122 *Date: 21.02.2025,Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# અંબાજી માટે ૧૮૦ કરોડ, દ્વારકા-બહુચરાજીનો પણ વિકાસ:ગુજરાતમાં ટુરિઝમ વધારવા બજેટમાં મોટી જાહેરાત



ગુજરાત રાજ્યનું ૨૦૨૫નું બજેટ ગુરૂવારે (૨૦ ફેબ્રુઆરી) નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યની લોક સંસ્કૃતિ અને અસ્મિતાનું ગૌરવ વધે તે માટે પણ વિશેષ જાહેરાત કરવામાં આવી છે. પ્રવાસન વિભાગ તેમજ હસ્તકલા ક્ષેત્રોને પ્રોત્સાહન આપવા માટે પણ બજેટમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે. આ સિવાય અંબાજી સહિતના તીર્થસ્થાનના વિકાસ માટે પણ ખાસ જોગવાઈ કરવામાં આવી છે.બજેટ રજૂ કરતાં સમયે નાણાંમંત્રીના જણાવ્યા અનુસાર, યુનેસ્કોની વિશ્વના સૌથી ૭ સુંદર મ્યુઝિયમની યાદીમાં ભુજના સ્મૃતિવનનો સમાવેશ થયો છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી, ઐતિહાસિક નગરી વડનગર જેવા અનેક સ્થળોની કાયાપલટથી ગુજરાત દેશ વિદેશના પ્રવાસીઓ માટે પસંદગીનું સ્થળ બન્યું છે. વર્ષ ૨૦૨૪ દરમિયાન ૧૮ કરોડ ૬૩ લાખ ઘરેલુ અને આંતર રાષ્ટ્રીય પ્રવાસીઓ ગુજરાતના મહેમાન બન્યાં છે. પ્રવાસન જેવા રોજગારલક્ષી ક્ષેત્ર વિકસવાથી આપણા યુવાનોને શહેરી અને ગ્રામ્ય ક્ષેત્રોમાં વિશેષ તકો ઊભી થશે. હોટેલ વ્યવસાય, પરિવહન અને હસ્તકલા જેવા અનેક ક્ષેત્રોમાં પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન થશે. આ ક્ષેત્રના વિકાસ માટે પ્રવાસન પ્રભાગના બજેટમાં ૩૧ ટકા સુધીના વધારા સહિત વિવિધ વિભાગો હેઠળ ૬૫૦૫ કરોડ સૂચવવામાં આવ્યા છે.

ઈન્ટ્રીગ્રેટેડ ટુરિઝમ ડેસ્ટીનેશન ડેવલપમેન્ટ હેઠળ મહત્ત્વના પ્રવાસન સ્થળોને સાંકળતા ૧૫૦ જેટલાં રસ્તાઓના વિકાસ અને પ્રવાસીઓ માટે નવીન ૨૦૦ એ.સી.બસો સંચાલિત કરવામાં આવશે. આ સિવાય એકાવન શક્તિપીઠો પૈકીના આદ્યશક્તિ માઁ અંબાના ધામ અંબાજીના વિકાસ માટે ૧૮૦ કરોડની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. ધાર્મિક શહેરોના સર્વાંગી વિકાસના ઉદ્દેશથી દ્વારકા, સોમનાથ, બહુચરાજી, ગિરનાર, પાવાગઢ, સિદ્ધપુર, ડાકોર, પાટણ અને પાલિતાણા જેવા તીર્થસ્થાનોની માળખાગત સુવિધાઓમાં વધારો કરવામાં આવશે. જેનાથી આ શહેરોમાં પ્રવાસન ક્ષેત્રે રોકાણને પ્રોત્સાહન ઉપરાંત સ્થાનિક રોજગારને ઉત્તેજન મળશે.

## ઉત્તરપ્રદેશમાં ભયંકર અકસ્માત, એક કરતાં વધુ વાહનો ટકરાયા, ૮ શ્રદ્ધાળુના મોત, 33 ઈજાગ્રસ્ત

વારાણસી-લખનૌ નેશનલ હાઈવે ૭૩૧ ના સરોખનપુર અંડર પાસ પર ભીષણ માર્ગ દુર્ઘટના થઈ. બે વાહનોની ટક્કરમાં ટાટા સૂમોમાં સવાર પાંચ લોકોના મોત નીપજ્યા. જ્યારે છ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ ગયા. તે ઘટનાના સમયે એક બસ ટ્રેલર સાથે અથડાઈ ગઈ. આ દુર્ઘટનામાં બસમાં સવાર ત્રણ લોકોના મોત નીપજ્યા જ્યારે ૨૭ લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા છે. તમામ ઈજાગ્રસ્તોને સીએચસીથી જિલ્લા હોસ્પિટલ રેફર કરી દેવાયા છે. દુર્ઘટના બાદ વધુ એક શ્રદ્ધાળુનું મોત હોસ્પિટલમાં સારવાર દરમિયાન થયું. દરમિયાન મૃતકોની સંખ્યા નવ થઈ ગઈ છે. બસમાં સવાર તમામ લોકો દિલ્હીના જણાવાઈ રહ્યાં છે, જે ચિત્રકૂટથી પ્રયાગરાજ થઈને વારાણસી દર્શન બાદ અયોધ્યા જઈ રહ્યાં હતાં. સૂમો સવાર તમામ ઝારખંડના છે, જે વારાણસીથી અયોધ્યા દર્શન કરવા જઈ રહ્યાં હતાં. ઘટના બાદ સ્થળ પર બૂમો પડવા લાગી. ઘટના તે સમયે થઈ જ્યારે બસમાં સવાર દર્શનાર્થી સૂઈ ગયા હતાં. અચાનક ઝડપી અવાજ સાથે બસ ટ્રેલરથી અથડાઈ તો દર્શનાર્થી ચોંકી ગયા. સૂતાં હોવાના કારણે ઘણા લોકો અચાનક ઈજાગ્રસ્ત થઈ ગયા. આગળ બેઠેલા દર્શનાર્થી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ ગયા. સૂમોમાં સવાર દર્શનાર્થી પણ અડધી ઊંઘમાં જ હતાં. ઘટના બાદ અફરાતફરીમાં તમામને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા. મૃતકોના પરિવારજનોમાં શોક વ્યાપી ગયો છે.ઘટનાની માહિતી મળતાં જ પોલીસ ટીમ સાથે પહોંચી ગઈ. પોલીસ કર્મચારીઓએ તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ પહોંચાડ્યા.



ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO. 215**

વિષય : '' ૨૧ ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ "
શીર્ષક : " માતૃભાષા ગુંજે "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૭૩.

ગુજરાતીનાં તનમનમાં, મારી માતૃભાષા ગુંજે,
ગુજરાતનાં જન જનમાં મારી માતૃભાષા ગુંજે.

લોકડાયરે લોકગીતોમાં, મારી માતૃભાષા ગુંજે,
પાટણ તણી પ્રભુતામાં, મારી માતૃભાષા ગુંજે.

કવિ નર્મદની કવિતામાં, મારી માતૃભાષા ગુંજે,
નરસી મહેતાનાં પદોમાં, મારી માતૃભાષા ગુંજે,

અખા કેરા ચાબખામાં, મારી માતૃભાષા ગુંજે,
ગંગાસતીનાં ભજનોમાં મારી માતૃભાષા ગુંજે.

ઝવેરચંદની લોકાકથામાં, મારી માતૃભાષા ગુંજે,
પ્રેમાનંદનાં આખ્યાનમાં, મારી માતૃભાષા ગુંજે.

માની મીઠડી વાણીમાં, મારી માતૃભાષા ગુંજે,
દાદા, દાદીની વાર્તામાં, મારી માતૃભાષા ગુંજે.

શ્યામ ગોયાણી'શ્યામ'શિવેન્દ્રનગર સુરત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSSNO: 352**

વિષય :- ૨૧ ફેબ્રુઆરી માતૃભાષા દિવસ
શીર્ષકઃ- માતૃભાષા
શબ્દ સંખ્યાઃ-૯૮ પ્રકારઃ- ગદ્ય લેખ

૨૧ ફેબ્રુઆરી માતૃભાષા દિવસ

**OK, BYE, Thank You , Srory , Good Mroning ,** પણ સાલું જયારે ઘર નાં ઉબરાં જોડે ઠેસ વાગે ત્યારે ''ઓહ માં'' જ શબ્દ નીકળે છે .

માતૃભાષાનું મૃત્યુ એ પ્રજાની અસ્મિતાનું મૃત્યુછે.માટે તેનું ગૌરવ જ નહિ,પરંતુ તેની જાળવણીની જવાબદારી પણ ઉઠાવવાની છે.માતૃભાષા વ્યકિતની આંખ છે.ત્વચા છે.

અન્ય ભાષા વસ્ત્રો. માતૃભાષા એ સંસ્કારની જનની છે.સંકુચિત નહિ પણ આપણી માતૃભાષા ને અવગણવી પણ નહીં.તે સ્વત્વ અને સ્વાભિમાન છે.

સ્નેહ, સમજ, સૌન્દર્ય, સંસ્કાર, મૂલ્યનિષ્ઠ અને નૈતિકતાનો ત્રિવેણી સંગમ એટલે માતૃભાષા.

ડુંગરા ભલે પૂજીયે પણ ઘરનાં ઊંબરાને પુજવું ન ભૂલીયે.

આજે, માતૃભાષા દિવસ નિમિત્તે,
હું મારી માતૃભાષાને નમન કરું છું.
માતૃભાષા આપણી સંસ્કૃતિની ઓળખ છે,
આપણી માતૃભાષા આપણને આપણા મૂળ સાથે જોડે છે.

ચાલો આપણે આપણી માતૃભાષાને માન આપીએ,
અને તેનો ઉપયોગ આપણા રોજિંદા જીવનમાં કરીયે.અને
આપણી માતૃભાષાને બચાવીએ,
તેની સમૃદ્ધિ માટે કામ કરીયે.
આજે માતૃભાષા દિવસ પર,
હું મારી માતૃભાષા પ્રત્યે આદર વ્યક્ત કરું છું.
માતૃભાષા આપણી ઓળખ છે,
તે આપણી સંસ્કૃતિનું પ્રતીક છે.
માતૃભાષા દિવસની શુભકામનાઓ!

શોભના ભટ્ટઃ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N.O.G. S. S. No.0102.**

વિષય :-૨૧ મી ફેબ્રુઆરી વિશ્વ ભાષા દિવસ.
શીર્ષકઃ- ગુજરાતી ભાષા.
પ્રકારઃ- ગદ્ય લેખ.
શબ્દ સંખ્યા :-૩૧૫.

૨૧ મી ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે દરેક દેશના લોકો પોત પોતાની માતૃભાષાનું ગૌરવ જાળવવા માટે પ્રયત્નો કરે છે . ભાષા અંગેના કાર્યક્રમો ઉજવવામાં આવે છે .લેખકો અને કવિઓને નિમંત્રણ આપવામાં આવે છે અને ભાષાના અનેક સ્વરૂપોની ચર્ચા થાય છે.

મારી માતૃભાષા ગુજરાતી છે અને તેનું મને ગૌરવ છે.

ગુજરાતી માતૃભાષાની રચના ૩૪ વ્યંજનો અને ૧૩ સ્વરથી થાય છે અને આ ઉપરાંત સંયોકતાક્ષર પણ છે.

ગુજરાતી ભાષાનું વિકાસ. ઈ.સ. ૧૧૦૦થી થયો હોય તેવું જાણવા મળે છે, અને ત્યાર પછી પ્રાચીન ગુજરાતી અને પછીથી અર્વાચીન ગુજરાતીનું સ્વરૂપ આપવામાં આવ્યું.

ભાષા દ્વારા આપણે આપણા વિચારોને વ્યક્ત કરી મનોભાવ દર્શાવવામાં ,સામાજિક સંબંધો જાળવી શકીએ છીએ. પત્ર વ્યવહાર તેમજ વાતચીત દ્વારા આપણે એકબીજાને સંપર્કમાં રહીએ છીએ .ગુજરાતી બોલવાની ભાષા તેમજ લખવા માટેની ભાષામાં થોડો ફરક પડે છે .

ગુજરાતી બોલવા માટે અનેક પ્રકારની ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે જેમ કે પ્રદેશે પ્રદેશે તેનું રૂપ સ્વરૂપ અને ઉચ્ચારણ પણ બદલાય છે. જેમ કે કચ્છી ,અમદાવાદી, ભાવનગરી ,જુનાગઢી,,સુરતી આ પ્રદેશે ભાષા અલગ લઠણમાં બોલવામાં આવે છે .

લેખિત સ્વરૂપમાં ભાષાને સાહિત્યિક સ્વરૂપ આપવામાં આવે છે. તેમાં નવલકથાઓ , નવલિકાઓ, સંવાદો, નાટકો. કાવ્યો,એમ ઘણી બધી રીતે લખી શકાય .

ગુજરાતી ભાષામાં વિરામ ચિન્હોનો લેખનમાં ખૂબ સારો ઉપયોગ કરવામાં આવે છે. જો યોગ્ય જગ્યાએ યોગ્ય વિરામ ચિન્હોનો વાપરવામાં ન આવે તો ઘણીવાર અર્થ ને બદલે અનર્થ પણ થઈ શકે છે. માટે લેખન વખતે તેનો યોગ્ય ઉપયોગ કરવો એ ખૂબ જરૂરી છે.

ગુજરાતી ભાષામાં અનેક લેખનો કવિતાઓ ગઝલો તેમજ હાલમાં છેલ્લામાં છેલ્લા કવિતાના સ્વરૂપો જોવા મળે છે અને લેખકોએ તેનો ભરપૂર ઉપયોગ કર્યો છે. ગુજરાતી ભાષાની આ એક વિશેષતા કહી શકાય. કવિતા ગાનમાં દુહા ,છંદ અને અનેક પ્રકારના છંદોનો ઉપયોગ કરી અને ખૂબ સારી રીતે ગાઈ શકાય તેવી રચનાઓ પણ ગુજરાતી ભાષામાં જોવા મળે છે.

ગુજરાતી ભાષાના વિકાસમાં અનેક કવિઓ અને લેખકોનો ખૂબ ફાળો રહ્યો છે. આધુનિક પ્રચારમાધ્યમો દ્વારા પણ ગુજરાતીનો સારો વિકાસ થયો છે.

મારી ગુજરાતી ભાષા મીઠી, મધુરી અને હૃદય સ્પર્શી છે.

રતીલાલ વાયડા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOGSS No. 181**

વિષય "૨૧ ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ "
શીર્ષકઃ " જય જય ગરવી ગુજરાતી??
પ્રકારઃ ગદ્ય શબ્દોઃ ૨૬૮

વૈશ્વિક માતૃભાષા દિવસ
આમતો વિશ્વભરમાં જાણિતી ભાષા જેમકે, અંગ્રેજીહ્લહ્યહ્મૈજર, ફ્રેંચ- કીહષ્ઠર, રશિયન-ઈજજૈક્રહ,ચાઈનીઝ-ષ્ઠરૈહીજી, અરેબિક - ક્રટ્ટિહ્વૈષ્ઠ,સ્પેનિશ -જીॅટ્ટહૈજર.વગેરે ભાષાઓ ક્યારેક સાંભળીએ, ક્યારેક વાંચીને અચરજ પામીએ છીએ.
પણ આપણા ભારતભરમાં અનેકો ભાષાઓ છે
સંસ્કૃત,ગુજરાતી,હિન્દી,મરાઠી,મારવાડી,સિંધી,
કચ્છી,પંજાબી,તેલગુ,તામિલ,કન્નડ,કોંકણી,
બંગાલી,મલયાલમ,નેપાલી,ઉડિયા,કાશ્મીરી,
ડોગરી,ઉર્દુ, મૈથિલી,મણિપુરી ,આસામી
આ ભાષાઓ જે ભારતભરમાં પ્રચલિતછે
બાકી બોલી ભાષા તો આંકી ન શકાય એટલી બધી છે એટલેકે ૧૨૨ લિખિત લીપી ભાષા તથા ૧૫૦૦ થી વધુ બોલી ભાષા છે...
કેટલીક ભાષા લિખિત પ્રકાર નથી તે છતાં બહુ જ બોલવામાં આવે છે
આ બધામાં "હિન્દી" આપણી રાષ્ટ્રભાષા છે.પણ મારી માતૃભાષા ગુજરાતી છે.
ગુજરાતમાં પણ ગુજરાતી સિવાયની કાઠિયાવાડી, સૌરઠી, સુરતી,વડોદરી, મહેસાણી,જેવી રોચક ભાષાઓ સાંભળવી અને માણવી ગમે છે
ગુજરાતી એવી ભાષા છે જે બોલાય છે એજ ભાષામાં લખાય પણ છે તમારા હદય પર મારા શબ્દોની છાપ એટલે મારું યોગદાન આ મંચ પર સાર્થક થાય...
ભાષા એટલે મનના ભાવને શબ્દોથી સિંચીને પ્રગટ કરવાની છટા ,અદા લિખિત ભાષામાં લખીને બોલીને વિચારોને મુક્ત થવા શબ્દોની માળામાં પરોવીને સજાવવાની કોશિશ અને સાહિત્ય એટલે આ ભાષા ઉત્કૃષ્ઠ અને યોગ્ય ઉપયોગ કરી શકું
મને ગર્વ છે મારી ગુજરાતી ભાષાનો
લખું છું ગુજરાતી ,એનો ગર્વ છે મને
વાંચુ છુંગુજરાતી ,એનો ગર્વ છે મને
ગરવી ગુજરાતની ધરા પર જન્મ લીધો એનો ગર્વ છે મને
મને માતૃભાષા પ્રત્યે અપાર પ્રેમ અને અભિમાન છે, એનું વ્યાકરણ,એના સાહિત્યકારો, ભાષાના જ્ઞાનીઓ, વિદ્વાનો, લેખકો ,સહુ પ્રત્યે વિશિષ્ટ માન છે .
કોશિશ કરું છું કોઈ પ્રકારે મારું યોગદાન આપી શકું એટલી સક્ષમ બની શકું કે મારા વિચારો દ્વારા માતૃભાષા નું ઋણ ચુકાવી શકું અને વિચારોની અભિવ્યક્તિમાં ભાષાનું સન્માન કરું
બસ નામ લખું અને વાહ વાહ સંભળાય એજ મારા અસ્તિત્વની વાસ્તવિકતા છે
મારા મન વચન, કર્મ અને ભાષા મર્યાદાને આધીન રહે એવી માં સરસ્વતી ને પ્રાર્થના......

??જય જય ગરવી ગુજરાતી??
??સુરમી બધેકા ,કૌસુમી?? મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 347**

વિષયઃ- ૨૧મી ફેબ્રુઆરી - વિશ્વ માતૃભાષા દિવસ
શીર્ષકઃ- માતૃભાષાની શાળાની વ્યથા
પ્રકારઃ-
પદ્ય. શબ્દોઃ- ૨૬૨

હા હું છું શાળા, એક ગુજરાતી માધ્યમની શાળા.
આપું છું બાળકોને તમામ જ્ઞાન માતૃભાષામાં.
હતો મારો પણ વૈભવ એક જમાનામાં,
થતી પડાપડી લેવાને એડમિશન,
થતા તૈયાર લોકો આપવાને મોં માંગ્યા દામ,
જુઓ આજે છું હું એકલી અટુલી,

લાગી છે ધૂન સૌને અંગ્રેજી માધ્યમની,
થયું છે બાળપણ ઘેલું વિદેશ પાછળ,
શાને ઉતાવળા છે માતા પિતા આજે,
છોડીને માતૃભાષા શીખવાને વિદેશી ભાષા?

બનવું છે સૌએ આધુનિક, પણ નથી શીખવી
પોતાની ભાષા.
શું વાત કરશે એ બાળ ઘરનાં વડીલો સાથે,
જો રહેશે એ દૂર માતૃભાષાથી?
હાય, હેલોનાં ચક્કરમાં ખોવાયા,
રામ રામ અને જય શ્રી કૃષ્ણ.

ભૂલ્યા આ ભૂલકાઓ વાંકા વળી,
વડીલોના આશિર્વાદ લેવાનું.
છોડી માતૃભાષા શીખ્યા વિદેશી ભાષા,
નથી તૈયાર વાલીઓ મુકવાને બાળકો
મારે ત્યાં, મૂકે છે દોટ વિદેશની ભાષા પાછળ.

ગર્વથી ફુલતી હું જ્યારે લાવે કોઈ બાળક
સ્પર્ધામાં ઈનામ અને કહેવાય કે નંબર આ
શાળાનો આવ્યો. જીતી જતું સ્પર્ધા એ બાળક
છતાં જ્યારે નામ મારું બોલાતું.
આજે છું હું સૂની પડી જોઈને
બાળકોની વાટ. કોઈ તો મોકલો
નાના બાળ, તરસી છું હું સાંભળવાને
એમનો કિલકાટ!
નથી જોઈતા મને નવા રંગ રોગાન
કે ભવ્ય બાંધકામ, હું તો ખુશ છું
માત્ર જોઈને મારા નાના બાળ.

શાને ઘેલો છે આ માનવી જવાને દેશ પાર
થઈ છે મારી આ દુર્દશા જોવી થઈ અસહ્ય.
કોને ગણું જવાબદાર મારી આ દુર્દશા માટે?
માતા પિતાની ઘેલછા કે એમની અધૂરી આકાંક્ષા?
લે છે ગર્વ પોતાનાં બાળ પર જોઈને બોલતાં
સડસડાટ અંગ્રેજી, પણ જ્યારે અટવાય છે
બોલતાં એ માતૃભાષા, નથી થઈ શકતી વાતચીત
ઘરનાં વડીલો સાથે.

રહે છે વંચિત એ બાળ સાંભળવાથી એ ગીતો
જે કરે છે એમનામાં સંસ્કારોનું સિંચન!
નથી મળતાં એમને સાંભળવાને એ પ્રસંગો
જે ઘડે છે એમને કરવાને મુસીબતોનો સામનો!

સ્નેહલ જાની, સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 383**

વિષયઃ ૨૧ ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ
શીર્ષક : અસ્તિત્વની ઓળખ
પ્રકાર : પદ્ય (અછાંદસ) શબ્દો : ૬૭

હું ગુજરાતી મારી ભાષા પણ ગુજરાતી છે,
પ્રખર અપભ્રષ્ટ સ નો હ, હુરતી ભાષા મારી છે...

શબ્દે શબ્દે રૂપાળી, માં જેવી વ્હાલી છે..
વારસામાં મળેલી બહુમૂલ્ય સંપત્તિ મારી છે...

જેમ ઋણમાં બંધાયેલું ગાઢ ઋણાનુબંધ હોય,
સદીઓથી જીવંત પૂર્વજોની ધરોહર મારી છે...

રક્તમાં વહેતી સાહિત્ય સંસ્કારની પાટી છે,
ઘૂંટીને લખી નવલકથા ગીત ગઝલની રવાની છે...

શબ્દોનો આગાથ સમંદર ને મનનું સમર્પણ છે,
મીતિના રૂંવાડે અસ્તિત્વની સાચી ઓળખ છે.

દર્શના "મીતિ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No ::226**

વિષયઃ- માતૃભાષા દિવસ
શિર્ષકઃ મારી માતૃભાષા
પ્રકાર : પદ્ય શબ્દોઃ૬૬

મારી માતૃભાષા ભાવોની અભિવ્યક્તિ છે.
મારી માતૃભાષા જિંદગીમાં આદ્યશક્તિ છે.

બાર ગાઉએ કહેવાતું બોલીઓ બદલી છે.
ખરેખર લોકાના મનડાંમાં વસેલી છબી છે.

વિવિધ પ્રકારની ભાષા, છતાં તો પ્યારી છે.
દરેક ભાષાની ભાવનાત્મક રચના સારી છે.

ગળથૂથીમાં શીખવવા મળી, માતૃભાષા છે.
પ્રથમવાર જે બોલ્યાં 'માં' એ હૃદયે સારી છે.
જાણે અજાણે સૌ વિશ્વભરમાં એ ફેલાઈ છે.
મળે કદાપી સામે ભાષા વદતો, ઉજાણી છે.

સુભાષ ઉપાધ્યાય'મેહુલ'(અમેરિકા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 187.**

વિષયઃ માતૃભાષા દિવસ.
શીર્ષકઃ મારી કલમ.
પ્રકારઃ પધ. શબ્દો :૮૧

લઈ કલમ લખવા બેસું તો લખે કલમ ગુજરાતીમાં.
બેસી ખુરશીમાં વિચાર કરુ તો વિચારું છું ગુજરાતીમાં.

કરે હૈયું કલરવ ત્યારે એ કલશોર ગુજરાતીમાં.
નાચે મનનો મોરલો ત્યારે એ પણ ગુજરાતીમાં.

હાથના કંગન રણકે ત્યારે એનો રણકાર ગુજરાતીમાં.
પગલાં થરકે જ્યારે ત્યારે એ થનકાર ગુજરાતીમાં.

હા, ધંધા કેરો વ્યવહાર હોય થોડો અંગ્રેજીમાં.
પણ આખર, હિસાબ કીતાબ હોય ગુજરાતીમાં.

જગ સાથે વ્યવહાર કાજે શીખું ભાષા વિધવિધ થઈ આધુનિક.
પણ આખર પ્રેમભર્યો આવો આવજો નો વ્યવહાર ગુજરાતીમાં.

કરવા જતન સંસ્કૃતિનું જીવવું ગુજરાતીમાં.
આખર ઈષ્ટ ને પામવાની ભક્તિ ગુજરાતીમાં.

લેખિકા : ચારુલતા દોશી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.0101**

વિષય : ૨૧ ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ
શીર્ષક : જયતુ જયતુ ગુજરાતી ભાષા
પ્રકાર : ગદ્ય લેખ શબ્દો : ૩૫૭

૨૧ મી ફેબ્રુઆરી આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસને ચિહ્નિત કરે છે, જે દિવસ ભાષાકીય વિવિધતા અને બહુભાષીકરણને પ્રોત્સાહન આપવા માટે સમર્પિતતા સાથે આપણે આ દિવસની ઉજવણી કરીએ. માતૃભાષા માત્ર એક ભાષા નથી; તે આપણો સાંસ્કૃતિક વારસો, પરંપરાઓ અને મૂલ્યોનું મૂર્ત સ્વરૂપ છે. તે, તે ભાષા છે જે આપણે પ્રથમ બોલવાનું શીખીએ છીએ અને તે ભાષા જે આપણને આપણા મૂળ સાથે જોડે છે. ગુજરાતી, તેના સમૃદ્ધ ઈતિહાસ અને સાહિત્ય સાથે, તેનો અપવાદ નથી.
ગુજરાતી ફક્ત એક ભાષા કરતાં વધુ છે; તે આપણી ગુજરાતી સંસ્કૃતિનું પ્રતિબિંબ છે, જે તેની હૂંફ, આતિથ્ય અને વિવેક માટે જાણીતી છે. આપણી ભાષા આપણા રાંધણકળાના સ્વાદો, આપણા લોક સંગીતનો લય અને આપણા વાઈબ્રેન્ટ તહેવારોના રંગોથી પ્રભાવિત છે. ગુજરાતી એ એક દોરો છે જે આપણા સમુદાયનું એક સાથે વણાટ કરે છે, જે સંબંધ અને ઓળખની ભાવના પ્રદાન કરે છે.

આજની વૈશ્વિકરણવાળી દુનિયામાં, જ્યાં અંગ્રેજી પ્રબળ ભાષા બની ગઈ છે, આપણી માતૃભાષાની અવગણના કરવી સરળ છે. જો કે, આપણા જીવનમાં ગુજરાતીના મહત્વને ઓળખવું જરૂરી છે. અહીં કેટલાક કારણો છેઃ

૧ ★સાંસ્કૃતિક જાળવણી★: ગુજરાતી એ આપણા સાંસ્કૃતિક વારસોનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આપણી માતૃભાષાને બોલતા અને પ્રોત્સાહન આપીને, આપણે આપણી સાંસ્કૃતિક પરંપરાઓ, રિવાજો અને મૂલ્યોને સાચવીએ છીએ.

૨. ★ઓળખ અને સંબંધ ★: ગુજરાતી ઓળખની ભાવના પ્રદાન કરે છે તે આપણને આપણા પૂર્વજો, આપણા ઈતિહાસ અને આપણા મૂળ સાથે જોડે છે.

૩. ★લાગણીઓની ભાષા ★: માતૃભાષા ઘણીવાર લાગણીઓની ભાષા હોય છે. ગુજરાતી એ ભાષા છે જેનો આપણે આપણો પ્રેમ, આપણો આનંદ અને આપણું દુઃ ખ વ્યક્ત કરવા માટે ઉપયોગ કરીએ છીએ.

૪ ★બૌદ્ધિક વિકાસ★: સંશોધન દર્શાવે છે કે જે બાળકો તેમની માતૃભાષામાં શીખે છે તેઓ શૈક્ષણિક રીતે વધુ સારું પ્રદર્શન કરે છે અને વધુ સારી તુલનાત્મક રજૂઆતની કુશળતા ધરાવે છે.

૫. ★ગૌરવ અને આત્મગૌરવ ★: આપણી માતૃભાષામાં બોલવાથી આપણમાં ગૌરવ અને આત્મગૌરવની લાગણી ઉભરે છે. તે આપણી સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને આપણી અનન્ય ઓળખનું પ્રતીક છે.

જ્યારે આપણે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી કરીએ છીએ, ત્યારે ચાલો આપણે આપણી માતૃભાષા, ગુજરાતીને પ્રોત્સાહન આપવા અને જાળવવા માટે સભાન પ્રયાસ કરીએ.

ચાલો આપણે ઘરે ગુજરાતી બોલીએ, તે આપણા બાળકોને શીખવીએ અને ગુજરાતી ભાષાની પહેલને ટેકો આપીએ.

આપણી માતૃભાષા, ગુજરાતી, આપણી સંસ્કૃતિનો આત્મા છે. ચાલો આપણે ફક્ત આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ પર જ નહીં, પણ દરરોજ આપણી માતૃભાષાને ગળે લગાડીએ, સન્માન અને પ્રોત્સાહન આપીએ.

★જયતુ જયતુ ગુજરાતી ભાષા★

ભરત સાંગાણી

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# વિઝન વિકસિત ગુજરાતનું
# મિશન જનકલ્યાણનું

વિઝન વિકસિત ગુજરાતનું
ગુજરાત બજેટ 2025-26
મિશન જનકલ્યાણનું



## ગુજરાત રાજ્યનું અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ
## ₹3 લાખ 70 હજાર 250 કરોડ

રાજ્યના અત્યાર સુધીના ઇતિહાસનું સૌથી મોટા કદના એટલે કે **₹3.70 લાખ કરોડના આ બજેટમાં** કેપિટલ એક્સપેન્ડિચરમાં ગયા વર્ષની તુલનાએ 22.9% નો વધારો

આગામી પાંચ વર્ષમાં ગુજરાતને વિકાસની નવી ગતિ પ્રદાન કરવા **₹50 હજાર કરોડની જોગવાઇ ધરાવતા 'વિકસિત ગુજરાત ફંડ'ની સ્થાપના**

**સુરતની જેમ રાજ્યમાં અન્ય પાંચ રિજીયોનલ ગ્રોથ હબ બનાવાશે**

જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સૌરાષ્ટ્ર કોસ્ટલ અને કચ્છનો સમાવેશ થાય છે

**વિકસિત ગુજરાતને નવી ગતિ આપવા બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને 12 હાઈ સ્પીડ કોરિડોર વિકસાવાશે**

નમોશક્તિ એક્સપ્રેસ-વેના નિર્માણથી ઉત્તર ગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના સમુદ્રી વિસ્તાર પીપાવાવ સાથે જોડવાથી કોસ્ટલ બેલ્ટના ઔધોગિક, સામાજિક, આર્થિક વિકાસને વેગ મળશે.

સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વેને અમદાવાદ, રાજકોટ અને દ્વારકા, સોમનાથ, પોરબંદર સાથે જોડવાથી દ્વારકા અને સોમનાથ જતા પ્રવાસીઓને વધુ સરળ એર કનેક્ટિવિટી મળશે.

**ઇઝ ઓફ લિવિંગ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ માટેના મહત્વપૂર્ણ નિર્ણયો**

માનનીય વડાપ્રધાનશ્રીની "ગ્રીન ગ્રોથ"ની સંકલ્પનાને સાકાર કરવા અને પર્યાવરણની જાળવણી માટે ઇલેક્ટ્રીક વાહનો પર હાલમાં 6% સુધી અંદાજિત વાહન વેરો અમલમાં છે, તેમાં સંપૂર્ણપણે ઇલેક્ટ્રીક બેટરીથી સંચાલિત વાહનો પર 1 વર્ષ માટે 5% સુધી રીબેટ આપી અસરકારક 1% લેખે વેરાનો દર રાખવાનો નિર્ણય

ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના મંત્રને લક્ષ્યમાં રાખી સ્ટેમ્પ ડ્યુટીના દરોમાં રાહત અને સરળીકરણનો નિર્ણય

- રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપવા **અંબાજી કોરિડોર અને ધરોઈ ટુરિઝમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ**નો વિકાસ કરાશે.
- 2025ના સમગ્ર વર્ષને **શહેરી વિકાસ વર્ષ** તરીકે ઉજવવામાં આવશે. શહેરી વિકાસના બજેટમાં 40%નો વધારો કરીને ₹30 હજાર કરોડથી વધુની ફાળવણી
- ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા રાજ્ય સરકારે **પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ),** ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના તેમજ હળપતિ આવાસ જેવી યોજનાઓની સહાયમાં **₹50 હજારનો વધારો કરીને ₹1.70 લાખ કરવામાં આવી.**
- અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટમાં વસવાટ કરતાં **વનબંધુઓના વિકાસ માટે ₹30 હજાર કરોડની** ફાળવણી.
- **મત્સ્ય ઉત્પાદન વૃદ્ધિ અને રોજગારમાં વધારો કરવા માટે ₹1622 કરોડના ખર્ચે** માછીમારો માટે માળખાકીય સુવિધાઓનો વિકાસ, સ્ટોરેજ, પ્રોસેસિંગ અને એક્સપોર્ટ માટે સુવિધા ઊભી કરાશે.
- કૃષિ યાંત્રિકીકરણ થકી ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે **₹1500 કરોડથી વધુની સહાય**
- યુવાશક્તિ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના આ યુગમાં વિશ્વ સાથે કદમ મિલાવી શકે તે માટે સાત ટેક્નિકલ સંસ્થાઓમાં **AI લેબ** અને સ્ટાર્ટઅપ માટે અનુકૂળ ઇકોસિસ્ટમ ઊભી કરીને સ્ટાર્ટઅપને વેગ આપવા **ચાર રિજિયનમાં i-Hubની** સ્થાપના કરાશે.
- નારીશક્તિના **સશક્તિકરણ અને આત્મનિર્ભરતા માટે** નવી મહત્ત્વપૂર્ણ યોજના **'સખી સાહસ યોજના'** નો આરંભ કરાશે. સ્વ-સહાય જૂથની બહેનોને આ યોજનામાં સાધન સહાય, લોન ગેરંટી વગેરે માટે રાજ્ય સરકાર મદદરૂપ થશે.
- ઉજ્જવળ આવતીકાલ સમા **બાળકોના પોષણ માટે ગત વર્ષના બજેટ કરતાં 25 ટકાનો વધારો** કરીને ₹8200 કરોડની ફાળવણી.
- જનતા જૂથ અકસ્માત વીમા યોજનામાં આપવામાં આવતા વીમા સુરક્ષા કવચ ₹50 હજારથી ₹2 લાખ હતું, જેમાં વધારો કરીને **₹2 લાખથી ₹4 લાખ કરવામાં આવી**
- વહીવટી સુધારણા ક્ષેત્રે ગુજરાતનું ઐતિહાસિક કદમ, રાજ્ય સરકાર કરશે **ગુજરાત વહીવટી સુધારણા પંચની** રચના.

"આ બજેટમાં GYAN એટલે કે ગરીબ, યુવાન, અન્નદાતા અને નારીશક્તિના વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. જેથી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'વિકસિત ભારત@ 2047'ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત પોતાનું મહત્વનું યોગદાન આપી શકે."

**શ્રી કનુભાઈ દેસાઇ, માનનીય નાણામંત્રી, ગુજરાત**


Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.